# શાલીનતા

## ૨૪ જૂન, ૨૦૨૩ માટે ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ દ્વારા પ્રદત્ત સદ્‌ગુણ

૨૪ જૂન, ૨૦૨૩ માટે ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ દ્વારા પ્રદાન કરવામાં આવેલો સદ્‌ગુણ છે, ‘શાલીનતા.’

‘શાલીનતા’માં અનેક વિસ્તૃત અર્થ અને સંકેતાર્થ સમાહિત છે. તમારા અધ્યયનમાં તમારું માર્ગદર્શન કરવા માટે શ્રીગુરુમાઈએ ‘શાલીનતા’ની કેટલીક પરિભાષાઓ અને સમાનાર્થી શબ્દો પસંદ કર્યાં છે જે અહીં પ્રસ્તુત છે.

**શિષ્ટતા**

સદ્‌વ્યવહાર; શ્રેષ્ઠચરિત્ર, સારું વર્તન, સભ્ય આચરણ; સૌજન્યતા, વિનયશીલતા; કોમળતા

**સજ્જનતા**

નૈતિકતા; સારપ; કુલીનતા; શ્રેષ્ઠચરિત્ર, સૌહાર્દતા

**ભદ્રતા**

કુલીનતા; સુસંસ્કૃત આચરણ; સભ્ય આચરણ; સારપ, બીજાં લોકો પ્રત્યે વિચારશીલતા; ઉદારતાનો ભાવ

**સભ્યતા**

સભ્ય આચરણ, સારું વર્તન, શિષ્ટાચાર; વ્યવહાર-કુશળતા

**સંસ્કારશીલતા**

સારું આચરણ, સારા આદર્શો

**સુશીલતા**

સુસંસ્કૃત ચરિત્ર કે વ્યવહાર; લાલિત્ય, મૃદુતા; સૌજન્યતા, વિનયશીલતા; કોમળતા

**વિનમ્રતા**

નમ્રશીલતા; વિનયશીલતા, આદરપૂર્ણતા, શિષ્ટાચાર

**સૌમ્યતા**

મૃદુતા; મિલનસારી; કૃપાળુતા; દયાળુતા

**પરિષ્કૃતતા**

શુદ્ધિ, સુસંસ્કૃતતા; પવિત્રતા

© ૨૦૨૩ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.